# ધોરણ-૩ પર્યાવરણ આસપાસ

DRAFT

| અધ્યયન નિષ્પત્તિઓ | અભ્યાસ બિંદુ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|---|
| વિદ્યાર્થીઓ - | | **વિદ્યાર્થીઓને જોડી, જૂથ કે વ્યક્તિગત રીતે સમાન તકો આપી પ્રોત્સાહિત કરવા** |
| EV301 સાદા જોઇ શકાય તેવાં લક્ષણોના આધારે આસપાસનાં વૃક્ષનાં પાંદડાં, ડાળીઓ અને તેના પ્રકાંડને ઓળખે છે. (જેમ કે આકાર, રંગ, રચના, ગંધ) | • થડ (પ્રકાંડ) ની જાડાઈ<br>• પર્ણોનાં રંગ, આકાર, કિનારી, ગંધ<br>• વૃક્ષની છાલની છાપની ઓળખ<br>• વનસ્પતિના ખાવાલાયક ભાગ | 1. ઘર, શાળા અને આસપાસમાં જોવા મળતી વનસ્પતિઓની વિવિધતા અને તેના લક્ષણોનાં અવલોકન દ્વારા શોધખોળ કરવાની તકો આપવી અને અવલોકન કરવા પ્રોત્સાહિત કરવા. |
| EV302 આસપાસ જોવા મળતાં પક્ષી અને પ્રાણીઓને તેમનાં સામાન્ય લક્ષણોને આધારે ઓળખે છે. (જેમ કે પ્રચલન, રહેઠાણ, ખોરાકની ટેવો અને અવાજ) | • દરમાં, માળામાં, પાણીમાં, વૃક્ષ પર, ઘરમાં રહેતાં પ્રાણીઓ (રહેઠાણ)<br>• ઊડી શકે, ચાલી શકે, પેટે ઘસડીને, કૂદકા મારતાં પ્રાણીઓ (પ્રચલન)<br>• જીભથી પાણી પીતાં અને હોઠથી પાણી પીતાં પ્રાણીઓ (ખોરાકની ટેવો)<br>• પ્રાણીઓ અને પક્ષીઓનાં અવાજ | 2. ઘર, શાળા અને આસપાસમાં જોવા મળતાં પ્રાણીઓ અને પક્ષીઓમાં રહેલ વિવિધતા, રહેઠાણ, પ્રચલન તથા ખોરાકની ટેવોના આધારે શોધખોળ કરવાની તકો આપવી અને અવલોકન કરવા પ્રોત્સાહિત કરવા.<br>3. આસપાસ જોવા મળતાં વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહારનાં સાધનોની કાર્યશૈલીથી પરિચિત કરવા.<br>4. ઘર અને શાળાના રસોડાની વાનગીઓ, વાસણો, ચૂલા ,ઈંધણ અને રાંધવાની પ્રક્રિયાનું અવલોકન કરાવવું. |
| EV303 કુટુંબ અને કુટુંબના સભ્યો સાથેના અરસપરસના સંબંધોને ઓળખે છે. | • કુટુંબના સભ્યોના પારસ્પરિક સંબંધો<br>• કુટુંબવૃક્ષ | 5. આપણે(મનુષ્ય)/ પક્ષીઓ/ પ્રાણીઓ ખોરાક અને પાણી ક્યાંથી મેળવીએ છીએ તે વડીલો સાથેની ચર્ચા દ્વારા જાણવું. રસોડામાં કોણ કયું કાર્ય કરે છે ?કોણ શું ખાય છે? કોણ છેલ્લે ખાય છે ?તે શોધવા કહેવું. |
| EV304 ઘર, શાળા અને આસપાસના વિસ્તારની વસ્તુઓ, સ્થળો, ચિહ્નો અને પ્રવૃત્તિઓને ઓળખે છે. (જેમ કે વાસણો, ચૂલા, વાહનવ્યવહાર, સંદેશાવ્યવહારનાં સાધનો, સાઇનબોર્ડ, વિવિધ પ્રકારનાં ઘર અને આશ્રયસ્થાનો, બસસ્ટેન્ડ, પેટ્રોલપંપ, વિવિધ વ્યવસાયના લોકો, ખોરાક બનાવવાની પ્રક્રિયા વગેરે) | • વિવિધ પ્રકારના ઘર અને આશ્રયસ્થાનો<br>• વાસણો,ચૂલા<br>• ખોરાક બનાવવાની રીત<br>• વાહનવ્યવહાર<br>• વિવિધ વ્યવસાયના લોકો | 6. વિદ્યાર્થીઓને વિવિધ સ્થળોની મુલાકાત કરાવવી. જેમ કે બજારની ખરીદ-વેચાણની પ્રકિયાનું અવલોકન અને ટપાલની પોસ્ટઑફિસથી ઘર સુધીના પ્રવાસની માહિતી, સ્થાનિક જળાશયો/ જળસંસ્થાઓની મુલાકાત. |

| અધ્યયન નિષ્પત્તિઓ | અભ્યાસ બિંદુ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|---|
| EV305 વિવિધ વયજૂથનાં લોકો, પ્રાણીઓ અને પક્ષીઓની ખોરાકની જરૂરિયાતો, ખોરાક અને પાણીની ઉપલબ્ધિ તથા તેમના ઘર અને આસપાસના પાણીના ઉપયોગ અંગેનું વર્ણન કરે છે. | • સંદેશાવ્યવહાર<br>• પાણીના ઉપયોગ<br>• પાણીની ઉપલબ્ધિ<br>• વિવિધ વયજૂથના લોકોની, પ્રાણીઓ અને પક્ષીઓની ખોરાકની જરૂરિયાતો | 7. વડીલો અને મિત્રો સાથે ચર્ચા કરવી, પ્રશ્નો પૂછવા અને પોતાને પૂછાયેલા પ્રશ્નોના કોઇ જાતના ડર કે ખચકાટ વગર પ્રત્યુત્તર આપવા.<br>8. ચિત્રો, આકૃતિઓ, રેખાકૃતિઓ, વાર્તા, શબ્દો કે વાક્યો દ્વારા પોતાના અનુભવો/ અવલોકન રજૂ કરાવવા. |
| EV306 કુટુંબના સભ્યોની ભૂમિકા, તેમની ટેવો, લક્ષણો, કાર્યો તથા સંયુકત કુટુંબમાં રહેવાની જરૂરિયાતનું વર્ણન લેખિત, મૌખિક કે અન્ય રીતે કરે છે. | • કુટુંબના સભ્યોની ભૂમિકા અને કાર્યો<br>• સભ્યોની ટેવો અને લક્ષણો<br>• સંયુક્ત કુટુંબની જરૂરિયાત | 9. વસ્તુઓ/ પદાર્થોનું અવલોકન કરી સમાનતા અને વિભિન્નતાના આધારે વર્ગીકરણ કરાવવું.<br>10. પોતાની સાથે રહેતાં માતા-પિતા/ દાદા-દાદી/ વડીલો/ વાલીઓના રોજબરોજનો પોશાક/ વાસણો/ લોકોનાં કાર્યો, રમતો જેવી બાબતોની ભૂતકાળ અને વર્તમાનના સંદર્ભોમાં તુલના અને ચર્ચા કરાવવી. |
| EV307 જુદાં-જુદાં પ્રાણી અને પક્ષીઓનાં લક્ષણો, પ્રવૃત્તિઓ, સમાનતા તથા અસમાનતાના આધારે જૂથ પાડે છે. (જેમ કે ગમો - અણગમો, પ્રચલન, ખોરાક અને અન્ય બાબતો) | • પ્રચલનના આધારે<br>• રહેઠાણના આધારે<br>• નખ, ચાંચ, પીંછાં, અવાજની વિવિધતા (લક્ષણો) | 11. આસપાસના વાતાવરણમાંથી કાંકરા, મણકા, ખરેલાં પાંદડાં, પીંછાં જેવી વસ્તુઓ એકત્ર કરવી અને તેની કલાત્મક રીતે ગોઠવણી કરાવવી. |
| EV308 વર્તમાન અને ભૂતકાળની વસ્તુઓ અને પ્રકિયાઓ માં ભેદ પારખે છે. (જેમ કે કપડાં, રમતો, વાસણો, લોકોના કાર્યો વગેરે) | • વાસણો<br>• લોકોનાં કાર્યો<br>• રમતો | 12. કોઈ ઘટનાઓ/ પરિસ્થિતિની બાબતમાં વિવેચાનાત્મક રીતે અનુમાન/ અંદાજ લગાવી શકે અને તેના માટેના શક્ય માર્ગોને ચકાસી શકે (જેમ કે નજીકની વસ્તુ/ સ્થાન સુધી પહોંચવા માટે ડાબી/ જમણી/ આગળ/ પાછળ - કઇ દિશાને અનુસરવું, સમાન કદ ધરાવતા કયા વાસણમાં વધુ પાણી હશે, પ્યાલો ભરવા કેટલી ચમચી કે ડોલ ભરવા કેટલા પ્યાલા પાણીની જરૂર પડશે વગેરે) |
| EV309 ઘર, શાળા અને વર્ગખંડના નકશામાં વસ્તુઓનું સ્થાન અને દિશાઓને સંજ્ઞા, પ્રતીક કે મૌખિક રીતે ઓળખે છે. | • નકશામાં વસ્તુ/ જગ્યાનું સ્થાન<br>• નકશામાં વસ્તુ/જગ્યાની સંજ્ઞા(પ્રતીક)<br>• દિશાની ઓળખ | |
| EV310 દૈનિક જીવનમાં ઉપયોગી વસ્તુઓના ગુણધર્મો તેમજ પદાર્થોનાં માપ કે જથ્થા અંગે અનુમાન કરે છે. પ્રતીકાત્મક કે બિનપ્રમાણભૂત એકમો દ્વારા ચકાસણી કરે છે. (જેમ કે વેંત, મુઠ્ઠી, ચમચી, જગ વગેરે) | • પાત્રમાં પાણી - સંગ્રહનો અંદાજ અને ચકાસણી | 13. આસપાસની નકામી સામગ્રી જેવી કે સૂકાં ખરી ગયેલાં પાંદડાં, ફૂલો, માટી, કાપડનાં ટુકડા, કાંકરા, રંગ વગેરેના ઉપયોગ દ્વારા ચિત્રો, આકૃતિ અને કોલાજનું સર્જન કરાવવું. (દા.ત માટીમાંથી વાસણો, પક્ષીઓ અને પ્રાણીઓનાં નમૂના, માચીસના બૉકસ કે કાર્ડપેપરમાંથી |

DRAFT

| અધ્યયન નિષ્પત્તિઓ | અભ્યાસ બિંદુ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|---|
| EV311 વસ્તુઓ, પ્રવૃત્તિઓ કે મુલાકાત લીધેલ સ્થળો અંગેની માહિતી, અનુભવો તેમજ અવલોકનોની નોંધ કરે છે. તેના આધારે તેમની તરાહ અંગે આગાહી કરે છે. (જેમ કે ચંદ્રની કળાઓ અને ઋતુઓ) | | ફર્નિચરની પ્રતિકૃતિઓ વગેરે)<br>14. વિદ્યાર્થીઓ પોતાની ઇન્દ્રિયશક્તિ અનુસાર ગંધ/સ્વાદ/અનુભવ/સાંભળવાની ક્ષમતા દ્વારા પદાર્થની લાક્ષણિકતાઓ અને તેમના ઘટકોનું વર્ગીકરણ કરી શકે અને તેને જુદા પાડી શકે તેવી સરળ પ્રયુક્તિઓ/પ્રયોગો કરાવવા. |
| EV312 ચિત્રો, આકૃતિઓ, કલાત્મક રચનાઓ, નમૂનાઓ અને વસ્તુઓનું તમામ બાજુથી અવલોકન કરે છે તથા સાદા નકશા, સૂત્રો, જોડકણાં રચે છે. | • મુદ્રાઓનું અવલોકન<br>• ચિત્ર પરથી વાર્તા<br>• સાદા નકશાની રચના<br>• જુદાં જુદાં કાપડનું અવલોકન | 15. પોતાના અવલોકનો/ અનુભવો સરળ વાકયોમાં, હાવભાવ દ્વારા, સ્કેચ દોરીને કોષ્ટક બનાવીને, સરળ લખાણ કે મૌખિક રીતે અન્યો સમક્ષ વ્યક્ત કરે. |
| EV313 સમૂહ કાર્યો અને સ્થાનિક, ઇનડોર - આઉટડોર રમતોના નિયમોનું અવલોકન કરે છે. | • સ્થાનિક રમતો<br>• ઇનડોર –આઉટડોર રમતો<br>• રમતોના નિયમો | 16. આસપાસના પાલતું અને ઘરેલુ પ્રાણીઓ સાથેના પોતાના સંબંધોના અનુભવોની આપ-લે કરાવવી.<br>17. વિદ્યાર્થીઓ જૂથમાં સક્રિયપણે ભાગ લે તેની કાળજી લેવી. સમાનુભૂતિ રાખવી અને જૂથમાં સાથે મળીને કાર્ય કરવાની તેમજ આગેવાની લેવાની ક્રિયાઓ કરાવવી. (જેમ કે જુદાં જુદાં પ્રકારની ઇનડોર/ આઉટડોર રમતો, છોડની સંભાળ, પક્ષીઓને ખવડાવવું વગેરે) |
| EV314 કુટુંબમાં રૂઢિગત કાર્યો/રમતો/ખોરાક વગેરેમાં થતા લિંગભેદ પ્રત્યે તથા શાળા અને કુટુંબમાં થતા ખોરાક અને પાણીના બગાડ વિશે મત વ્યક્ત કરે છે. | • પાણીનો બગાડ થવાનાં કારણો અને તેને અટકાવવાના ઉપાયો<br>• કાર્યોમાં લિંગભેદ | 18. ઘર, શાળા, અડોશપડોશના જીવનમાં સ્ત્રી-પુરુષ સભ્યોની ભૂમિકા, ખોરાકની પ્રાપ્યતા, સ્વાસ્થ્ય, દિવ્યાંગો અને વડીલોની જરૂરિયાતો અંગે પોતાના અનુભવોના આધારે પ્રશ્નો, ચર્ચા અને વિવેચનાત્મક ચિંતનનું આયોજન કરાવવું. |
| EV315 વનસ્પતિ, પ્રાણીઓ, વૃદ્ધો અને દિવ્યાંગો માટે સંવેદના દર્શાવે છે અને આસપાસના પર્યાવરણમાં રહેતા પરિવારોના વૈવિધ્યને સમજે છે. (જેમકે દેખાવ, ક્ષમતા, ગમો - અણગમો અને મૂળભૂત જરૂરિયાતોની પ્રાપ્તિ- દા.ત. ખોરાક, રહેઠાણ વગેરે) | • વનસ્પતિ માટેની સંવેદના<br>• પ્રાણીઓ માટેની સંવેદના<br>• પરિવારોનું વૈવિધ્ય<br>• વૃદ્ધો અને દિવ્યાંગો માટે સંવેદના | 19. પાઠ્યપુસ્તક સિવાયના સંદર્ભો જેમ કે ચિત્રો, પોસ્ટર્સ, સાઈનબોર્ડ, પુસ્તકો, ઓડિયો-વીડિયો ક્લિપ્સ, સાહિત્ય, સમાચારપત્રના કટિંગ્સ, વાર્તા/ કાવ્યો/ વેબ રિસોર્સ, દસ્તાવેજ અને પુસ્તકાલયનો ઉપયોગ કરવો. |
| EV316 નકશામાં પોતાના ગામ અને તાલુકાની વિગતો શોધી શકે છે અને તેની નોંધ કરે છે. (જેમકે જોવાલાયક અને મહત્વનાં સ્થળો, પશુપાલન, ખેતી, લોકજીવન વગેરે) | • નકશાનું અવલોકન અને નોંધ તાલુકાનાં...<br>• સ્થળો, પાક અને લોકજીવન | 20. નકશાના આધારે વડીલો, શિક્ષકો અને જાણકારો સાથે ચર્ચા કરી પોતાના તાલુકાની વિગતો મેળવવી. )જેમકે જોવાલાયક અને મહત્વનાં સ્થળો, પશુપાલન, ખેતી, લોકજીવન વગેરે) |
| EV317 પર્યાવરણમાં વિવિધ જૈવિક અને અજૈવિક ઘટકો એકબીજા સાથે | • જૈવિક - અજૈવિક ઘટકોના આંતરસંબંધો | |

DRAFT

| અધ્યયન નિષ્પત્તિઓ | અભ્યાસ બિંદુ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|---|
| પરસ્પર કેવી રીતે સંકળાયેલા છે તે જણાવે છે. (જેમ કે મનુષ્યો, પ્રાણીઓ, પક્ષીઓ, જીવજંતુઓ, હવા, પાણી, જમીન વગેરે) | | |

DRAFT